રજુ તારીખ :
દાખલ તારીખ:
ફેંસલ તારીખ :
અવધિ: વર્ષ– માસ– દિવસ.

અમદાવાદના ચોથા એડી. જયુ. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં

ફોજ. કેસ નં.–૭૨૭૩/૧૮

આંક:

ફરિયાદી:– શ્રી સરકાર

વિ.

આરોપી:– લલીબેન વા/ઓફ અરવિંદભાઈ વાસુભાઈ ચુનારા

**ગુનો:** ગુજરાત નશાબંધી ધારાની કલમ:૬૬ (૧) બી, ૮૫ (૧) ૩ વગેરે

–: **ચુકાદો** :–

(૧) આજ રોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે રાષ્ટ્રીય લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ:૬૬ (૧) બી, ૮૫ (૧) ૩ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આારોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી તેમાં એવી હકીકત જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારું તેમજ અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ. અમોએ દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશિસ્ત ભાષા વાપરેલ નથી કે મારા – મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટના કોલમ નં.૫ માં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારુ પીધલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યા માત્રનો આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર આવવાની જરુર પડે ઉપરાંત વકીલ રોકીને

પૈસા ખર્ચવાની જરુરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

(૪.૧) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) તમામ રેકર્ડ ઉપરની હકીકત લક્ષમાં લેતા વગર પાસ પરમીટે દારુ પી છાટકો બની લથડીયા ખાતો હોવા સંદર્ભેનો આરોપી સામે આક્ષેપ છે. આરોપી વિરુધ્ધ ફરિયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરી, ઝઘડો કરી, અસભ્ય વર્તન કરી, અશિસ્ત ભાષા વાપરી કે મારા – મારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરિયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકરી ડોકટર સાહેદ અને સરકરી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં. આરોપીનો સમય, ફરિયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જ સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ તેમજ નામદાર ગુજરાત વડી અદાલતે **<u>ગુજરાત સરકાર વિરૂધ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯</u>** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

**<u>::– હુકમ ::–</u>**

ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી પ્રોહી. એકટની કલમ – ૬૬ (૧) (બી), ૮૫ (૧)(૩) મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન : ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૪ મી માહે–સપ્ટેમ્બર, સને– ૨૦૧૯ ના રોજ જાહેર કર્યો.

તા: ૧૪/૦૯/૨૦૧૯
સ્થળ :– અમદાવાદ

(ટી.એ. ભાડજા)
ચોથા એડી.સીવીલ જજ તથા જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર,
યુ.આઈ.સી. નં.જીજે૦૧૩૯૯